જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૮/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૪/૧૫**

**ફેસબુક ઉપર ફેક પ્રોફાઇલ બનાવી બિભત્સ માંગણી કરનાર આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ નાયબ પોલીસ કમિશ્નર શ્રી, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં સાઇબર ટેક્નોલોજીનો દુર ઉપયોગ કરી હાલની નવયુવાન પેઢી ગેરકાયદેસરના કૃત્યો કરતી હોય છે અને કાયદાની ચિંતા કર્યા વગર સાઇબર ક્રાઇમને અંજામ આપે છે જે સાઇબરના ગુન્હાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર. આઇ. જાડેજા, તથા એસ.એન,દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે સદર ગુન્હાની તપાસ દરમ્યાન ગામ ખણુસા તા.વિજાપુર જી.મહેસાણા ખાતેથી અત્રે લાવી આરોપી નામે વિજય વિષ્ણુભાઇ સોમાભાઇ જાતે મિસ્ત્રી ઉ.વ.૨૭ રહે, ગામ ખણુસા, પ્રાથમિક શાળા ની સામે તા.વિજાપુર જી.મહેસાણા નાનો ગુન્હાનો એકરાર કરતા આ ગુન્હામા પકડી અટક કરવામાં આવેલ છે.

સદરી પકડાયેલ આરોપીની પુછપરછ કરતા જન્મથી પોતાના વતનમા રહે છે અને છેલ્લા બે વર્ષથી પોતાના ગામમા ઘર આગળ મોબાઇલની દુકાન ધરાવી વેપાર કરે છે.અને આરોપીએ પોતાના નામનુ જીમેઇલમાં એકાઉન્ટ બનાવી ફેસબુક તથા વોટસપ જેવા માધ્યમો દ્વારા નેટ ચેટીંગ કરતો હોય પોતાના નામથી તથા મિરલ શાહ નામની પ્રોફાઇલો બનાવી તેમા નેટ ચેટીંગ કરતો હતો અને મિરલ શાહ નામની પ્રોફાઇલ બનાવી તે પ્રોફાઇલમા કોઇ છોકરીનો ફોટો અપલોડ કરી આરોપીના ફોઇ ના છોકરાના છોકરાને આશરે દોઢેક મહિના પહેલા ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી અને ફ્રેન્ડ રિકવેસ્ટ એકસેપ્ટ કરતા એકબીજા સાથે નેટ ચેટીંગ કરેલ અને પોતે તેની સાથે મજાક મસ્તી માં ચેટીંગ કરતા હતા અને તે દરમ્યાન આરોપીના ફોઇ ના છોકરાના છોકરાએ પોતાને પુછેલ કે તમો અમોને કેવી રીતે ઓળખો છો તેવુ પુછતા પોતાએ જણાવેલ કે અમો તારા મમ્મીની ફ્રેન્ડ છીએ તેમ કરી ને ચેટીંગ કરતા હતા અને એક મહીના સુધી આ રીતે નેટ ચેટીંગ કરતા હતા અને પોતાને ચેટીંગ કરવા માટે પોતાનો પોતાનો મોબાઇલ સેમસંગ કંપનીનો તથા પોતાની દુકાને ગ્રાહકોના રિપેરીંગ માટે આવેલ ફોનમાં પોતાનુ સીમકાર્ડ નાખીને પોતાના ફેસબુક તથા વોટસઅપ પ્રોફાઇલમાં ચેટીંગ કરતા હતા અને આરોપીના ફોઇ ના છોકરાના છોકરા સાથે પોતે એક મહીના સુધી નેટ ચેટીંગ કરેલ તે દરમ્યાન આરોપીના ફોઇ ના છોકરાના છોકરા પાસે તેની મમ્મીના ફોટા ની માંગણીઓ કરેલ અને તેની મમ્મીના ફોટા મોકલતા તે પોતાને પસંદ આવેલ અને પોતે બિભત્સ ચેટીંગ કરી બિભત્સ માંગણી કરી બિભત્સો વાતો કરી ફેસબુક્નુ એકાઉન્ટ પોતાના જાતે ક્રિએટ કરી લખી તેમાં અપલોડ કરી એક સ્ત્રીના ચારીત્ર્ય બાબતેની ખોટી વાતો ઇલેકટ્રોનિક્સ ઉપકરણોના માધયમથી મોક્લી ગુન્હો આચરેલ છે તેમજ બીજા કેટલા આવા ગુન્હા કરેલ છે તે બાબતે ક્રાઇમબ્રાન્ચ તપાસ ચલાવી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

# <u>જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ઘરફોડ ચોરી કરતાં અને લુંટના વોન્ટેડ ઈસમોને પકડીતી ક્રાઈમબ્રાન્ચ.</u>

અમદાવાદ શહેરના જી.આઈ.ડી.સી. વિસ્તારોમાં બંધ ફેકટરીઓ, દુકાનોમાં ઘરફોડ ચોરીના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૧૭/૮/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા બી.એચ.કોરોટ નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે જસોદાનગર ચાર રસ્તા પાસે રોડ ઉપર સુરેશ ઉર્ફે ચીના સ/ઓ તારાબહાદુર થાપા ઉ.વ. ૩૨ રહે. ગામ મુઠીયા બાબુ નેપાળીના મકાનમાં નરોડા અમદાવાદ મુળ ગામ બેજાણ માંકાલપાટ તા.કાલપા જી.કોપરાગાપ નેપાળ તથા અજય ભોજરાજ જાડેજા ઉ.વ. ૩૦ રહે. ગામ મુઠીયા બાબુ નેપાળીના મકાનમાં નરોડા અમદાવાદ મુળ ગામ-સુંદરગામ સીપ જી.બાડમેર રાજસ્થાન નાઓને તેઓના કબજામાં એલ્યુમીનીયમના નાના-મોટા ટુકડા નંગ-૩૪ ૧૦ કિલો વજનના કિ.રૂ. ૮૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ જેઓના કબ્જાનો આ મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આજથી આઠેક દિવસ પહેલા રાતના સમયે વટવા જી.આઈ.ડી.સી.માં પ્રસાદ કંપની ફેઝ-૪ માંથી કોટ કુદીને અંદર ઉતરી ભંગાર થેલાઓમા ભરી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

આ સિવાય આજ થી બે મહીના પહેલા વટવા જી,આઇ,ડી.સી પુષ્કુંજ એસ્ટ્રેટ પાસે રોડ ઉપર એક ભાઇ ની પાસે થી બે મોબાઇલ તથા રોકડા રૂ .૨૩૦૦ ની લુંટ કરેલ જે ગુનામા પણ પોતે વોન્ટેડ હોવાનુ જણાવેલ છે.

## <u>ગુનાહીત પુર્વ ઈતિહાસ</u>

(૧) સુરેશ ઉર્ફે ચીના સ/ઓ તારાબહાદુર થાપા નરોડા પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરીના તથા મારા મારીના ગુનામાં પકડાયેલ છે.

(૨) અજય ભોજરાજ જાડેજા અગાઉ જી.આઈ.ડી.સી. વટવા પો.સ્ટે. ,મેઘાણીનગર,મણીનગર પો.સ્ટે.માં પંદરથી વીસ વખત ચોરીઓના ગુનામાં પકડાયેલ છું અને બે વખત પાસામાં જઈ આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)